ટી.ડી.ઓ

રા.મ્યુ.કો./................../જા.નં. : ૪૫૧ તા. 13/01/2026

**વિષય : તા.૨૦/૦૧/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ: વશરામભાઈ સાગઠીયા** **વોર્ડ નં.૧૫**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૬ | (૧) | રાજકોટ મહાનગરપાલિકાના ચોપડે ટી.પી.વિભાગ તા.૧૧/૧૧/૨૦૨૫ સુધીમાં કુલ જુદા-જુદા વોર્ડમાં ૪૯ બિલ્ડીંગની સ્થળ ચકાસણી પુરુ કરી છે. અને તે પૈકીના ૮ બાંધકામોને ભોગવટા પરવાનગી આપવાની અનુમતી આપે આપેલ છે. તો તેમાંથી કેટલા બાંધકામોના પૈસા ભરાયા ? અને જો નથી ભરીયા તો તેની સામે આપે શું ?શું ? પગલાં લીધા ? અથવા નો લીધા હોય તો શું? શું? પગલાં લેવા માંગો છો? તા.૧૨/૧૧/૨૦૨૫ થી તા.૧૨/૦૧/૨૦૨૬ સુધીમાં ફ્લાવર બેડના કારણે ભોગવટા પરવાનગી કેટલી બિલ્ડીંગોને આપી? ૯૯ પરવાનગી જે સ્થગીત છે તેમાં આપે ક્યાં ક્યાં પગલા લીધા? નવી અરજીઓ કેટલી આવી? આ તા.૧૬/૧૦/૨૦૨૫ નામદાર રાજ્ય સરકારશ્રી તરફથી બિલ્ડીંગ પ્રોજેકટમાં ફ્લાવર બેડ-બાલ્કની વગેરે પ્રકારના આર્કિટેકચરલ પ્રોજેકશન બાબત જે હુકમ થયો તેમાં ફાયદો કોને થયો? કોર્પોરેશન પગલાં લેતી નથી- બિલ્ડરો નાણા ભરતા અને અંતે તો પ્રજા કે જેણે ફ્લેટ કે ઓફિસો લીધી છે. તેને લોન મળતી નથી. કે પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે તો કાયદેસર કાર્યવાહી કરવી જોઇએ કે નહી? | રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ભોગવટા પરવાનગી મેળવવા માટે તા.૧૧/૧૧/૨૦૨૫ સુધી મળેલ કુલ ૯૯ અરજીઓ પૈકી અગાઉ ૪૯ બાંધકામોને સ્થળ તપાસ પૂર્ણ કર્યા બાદ પૂર્વ મંજુરી આપવામાં આવેલ કુલ ૦૮ ભોગવટા પરવાનગીઓ પૈકી ૪ (એટલે કે ૫૦% અરજીઓમાં) તેમજ તા.૧૧/૧૧/૨૦૨૫ બાદ મંજૂર કરવામાં આવેલ કુલ ૦૬ ભોગવટા પરવાનગીઓ પૈકી ૪ (એટલે કે ૬૭% અરજીઓમાં) એમ કુલ ૦૮ ભોગવટા પરવાનગીઓ પેટે રાજકોટ મહાનગરપાલિકામાં કુલ રકમ રૂ. ૨૨૧.૫૩ લાખ જમા થયેલ છે.<br>રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આર્કિટેક્ચરલ પ્રોજેક્શનના કારણે સ્થગિત કરવામાં આવેલી ભોગવટા ૯૯ ભોગવટા પરવાનગીઓ તેમજ તા.૧૨/૧૧/૨૦૨૫ થી અત્યાર સુધીમાં મળેલ ૩૬ એમ કુલ ૧૩૫ ભોગવટા પરવાનગીની અરજીઓ પૈકી મંજુર થયેલ ૧૪ ભોગવટા પરવાનગી સિવાયની અરજીઓ પરત્વે સરકારશ્રીના પરિપત્રની જોગવાઈઓ અનુસાર ડેવેલોપરશ્રીઓ દ્વારા પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે અને ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ભોગવટા પરવાનગીઓ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. તમામ બિલ્ડર્સ દ્વારા સરકારશ્રીના પરિપત્ર અનુસાર ભોગવટા પરવાનગી મેળવી લેવા માટે હકારાત્મક અભિગમ દર્શાવવામાં આવેલ હોઇ, હાલના તબક્કે કોઈ બિલ્ડર વિરુદ્ધ પગલા લેવાની આવશ્યકતા તંત્રને જણાઈ રહેલ નથી.<br>તા.૧૨/૧૧/૨૦૨૫ થી અત્યાર સુધીમાં ભોગવટા પરવાનગી મેળવવા માટે નવી કુલ ૩૬ અરજીઓ અત્રે ઇનવર્ડ થયેલ છે, જે દર્શાવે છે કે ડેવલોપર્સ/બિલ્ડર્સ દ્વારા સદર બાબતે હકારાત્મક અભિગમ દર્શાવે છે.<br>સરકારશ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારોમાં સ્થગિત થયેલ ભોગવટા પરવાનગીઓ માટે જાહેર કરવામાં આવેલ નોટિફિકેશનનો મહત્તમ ફાયદો જે તે બિલ્ડિંગ માંહેના રહેવાસીઓ/ ફ્લેટ ધારકો/ પ્રજાજનોને મળી રહ્યો છે. |

શાખાધિકારીની સહી ..(signature)..

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

રા.મ્યુ.કો./સાંસ્કૃતિક વિ. વિભાગ/જા.નં.1067
17/1/26

તારીખ :   /   /૨૦૨૬

વિષય : તા. ૨૦/૦૧/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રી વશરામભાઇ સાગઠીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૦૬(૨) | રાજકોટ મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કેટલો ખર્ચ થયો. કયાં હેતુસર કેટલી રકમનો ખર્ચ થયો? તેમાં સ્ટેન્ડીંગ કમીટીમાં મંજુરી લેવા પાત્ર ખર્ચ કેટલો?અને સામાન્ય સભામાં મંજુરી લેવા પાત્ર ખર્ચ કેટલો? ખર્ચની મંજુરી લેવામાં આવી છે કે નહી? દરેક ખર્ચ મંજુરીની તારીખ સહિત વિગતો આપવી. | રાજકોટ મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા સામાન્ય રીતે રાજકોટ મહાનગરપાલિકાના, તેમજ સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવતાં કાર્યક્રમો કરવામાં આવતા હોય છે.<br>-જે અંતગર્ત સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૧-૨૨માં કાર્યક્રમો માટે રકમ રૂ.૨૩૭.૯૬લાખનો ખર્ચ કરેલ તેમજ પગાર માટે રકમ રૂ.રૂ.૧૨૮.૬૮લાખનો ખર્ચ તથા અન્ય પરચુરણ કામો માટે રકમ રૂ.૧.૦૬ લાખનો ખર્ચ કરેલ છે.<br>-આ જ રીતે સને ૨૦૨૨-૨૩માં કાર્યક્રમો માટે રકમ રૂ.૫૮૭.૨૪ લાખનો ખર્ચ કરેલ તેમજ પગાર માટે રકમ રૂ.૧૪૫.૨ લાખ નો ખર્ચ તથા અન્ય પરચુરણ કામો માટે રકમ રૂ.૧.૧૦ લાખનો ખર્ચ કરેલ છે.<br>-સને ૨૦૨૩-૨૪માં કાર્યક્રમો માટે રકમ રૂ.૬૩૮.૦૧ લાખનો ખર્ચ કરેલ તેમજ પગાર માટે રકમ રૂ.૯૧.૨૬ લાખનો ખર્ચ તથા અન્ય પરચુરણ કામો માટે રકમ રૂ.૦.૪૫ લાખનો ખર્ચ કરેલ છે.<br>-સને ૨૦૨૪-૨૫માં કાર્યક્રમો માટે રકમ રૂ.૮૩૧.૮૧ લાખનો ખર્ચ કરેલ તેમજ પગાર માટે રકમ રૂ.૧૦૫.૩૧ લાખનો ખર્ચ તથા અન્ય પરચુરણ કામો માટે રકમ રૂ.૦.૬ લાખનો ખર્ચ કરેલ છે. |

| | | |
|---|---|---|
| | | - સને ૨૦૨૫-૨૬માં કાર્યક્રમો માટે રકમ રૂ.૯૦૬.૫૭ લાખનો ખર્ચ કરેલ તેમજ પગાર માટે રકમ રૂ.૧૦૩ ૨૫ લાખનો ખર્ચ તથા અન્ય પરચુરણ કામો માટે રકમ રૂ ૦.૮૧ લાખનો ખર્ચ કરેલ છે.<br>-રાજકોટ મહાનગરપાલિકાનાં સાંસ્કૃતિક વિકાસ વિભાગ તેમજ અન્ય શાખાઓ દ્વારા કરવામાં આવેલ રેઇટ કોન્ટ્રાક્ટ(મંડપ, લાઇટ, સાઉન્ડ, એલ.ઇ.ડી, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી વિગેરે)નાં ખર્ચનો સ્ટેન્ડિંગ કમિટી કે સામાન્ય સભાની મંજુરીની આવશ્યકતા રહેતી નથી.<br>- રેઇટ કોન્ટ્રાક્ટ સિવાયના કામો માટે સ્ટેન્ડિંગ કમિટીની મંજુરીની જરૂરીયાત રહે છે. જે માટે સને ૨૦૨૧-૨૨માં રકમ રૂ.૮.૦૩ લાખ, સને ૨૦૨૨-૨૩માં રકમ રૂ.૬૩.૮૦ લાખ, સને ૨૦૨૩-૨૪માં રકમ રૂ.૬૦૧.૪૩લાખ, સને ૨૦૨૪-૨૫માં રકમ રૂ.૮૬.૫૪ લાખ, સને ૨૦૨૫-૨૬માં રકમ રૂ.૫૭.૩૦ લાખની મંજુરી લીધેલ છે.<br>-લીધેલ ખર્ચ મંજુરીની વિગતો આ સાથે પત્રક A થી સામેલ છે. |

શાખા: સાંસ્કૃતિક Culture Comm[illegible] શાખાધિકારીની સહી: [signature] 17/1/26

| વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી લીધેલ ખર્ચ મંજુરી પત્રક 'A' | | | |
|---|---|---|---|
| ક્રમ | વિષય | કુલ રકમ | સ્ટે.ક.ઠ.નં તથા તારીખ |
| ૧ | વિશ્વ પર્યાવરણ દિન નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ તથા તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે જુદા જુદા વિકાસ કામોના ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત, આવાસોના ઇ-ડ્રો કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૧,૫૬૦/- | ૧૩૯ તા.30/0૭/૨૦૨૧ |
| ૨ | દિવાળી ઉત્સવ ઉજવણી-૨૦૨૧ નિમિતે આયોજિત રંગોળી સ્પર્ધા તથા ઇનામ વિતરણ કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત | ૨૭૫૩૫૦/- | ૩૩૮ તા.૨૭/૦૧/૨૦૨૨ |
| 3 | સેવા સેતુ સાતમો તબક્કો તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત અન્ય કાર્યક્રમનું નોન આર.સી. ખર્ચ મંજૂર કરવા બાબત. | ૩૮,૦૪૫/- | ૩૮૩ તા.૦૧/૦૨/૨૦૨૨ |
| ૪ | સુશાસન સપ્તાહ ઉજવણી ૨૦૨૧ અન્વયે આયોજિત વિવિધ કાર્યક્રમો તથા અન્ય કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૮૩,૩૭૬/- | ૪૦ તા.૧૨/૦૪/૨૦૨૨ |
| ૫ | હોળી-ધુળેટી પર્વ-૨૦૨૨ ઉજવણી અન્વયે આયોજીત હિન્દી હાસ્ય કવિ સંમેલન કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત | ૨,૭૧,૧૭૦/- | ૪૪ તા.૧૨/૦૪/૨૦૨૨ |
| ૬ | તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૦૯/૦૮/૨૦૨૧ દરમ્યાન આયોજિત વિવિધ કાર્યક્રમો તથા અન્ય કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧,૩૭,૪૫૨/- | ૯૯ તા.૧૦/૦૫/૨૦૨૨ |
| ૭ | જુદા-જુદા સેવુ સેતુ કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા તથા અન્ય કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૯૪,૭૮૦/- | ૨૧૯ તા.૨૪/૦૮/૨૦૨૨ |
| ૮ | રામવન-અર્બન ફોરેસ્ટનું તથા વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ તથા અન્ય કાર્યક્રમનું નોન આર.સી ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧,૬૨,૧૯૦/- | ૨૮૦ તા.૨૨/૦૯/૨૦૨૨ |
| ૯ | તા.૧૫/૦૯/૨૦૨૨ થી તા.૧૮/૦૯/૨૦૨૨ દરમ્યાન સ્પોર્ટસ કાર્નિવલ અંતર્ગત આયોજિત જુદા જુદા કાર્યક્રમોનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧,૮૧,૧૮૦/- | ૩૦૧ તા.૧૭/૧૦/૨૦૨૨ |
| ૧૦ | તા.૨૨/૧૦/૨૦૨૨ નાં રોજ આતશબાજી કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખી મંજૂર કરવા બાબત.. | ૯,૪૩,૫૦૦/- | ૪૧૦ તા.૧૪/૧૨/૨૦૨૨ |
| ૧૧ | વંદે ગુજરાત વિકાસયાત્રા કાર્યક્રમતથા અન્ય કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા નોન આર.સીચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવાબાબત. | ૨,૧૨,૪૦૦/- | ૪૧૧ તા.૧૪/૧૨/૨૦૨૨ |
| ૧૨ | ગરીબ કલ્યાણ મેળો તથા અન્ય કાર્યક્રમ અન્વયેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવાબાબત. | ૧,૭૪,૧૫૦/- | ૪૩૫ તા.૧૦/૦૧/૨૦૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ઓક્ટોબર ૨૦૨૨ રોડ શો તથા આતશબાજી કાર્યક્રમમાં થયેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૫૪,૧૧,૧૪૮/- | ૫૨૨ તા.૦૨/03/૨૦૨3 |
| ૧૪ | તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજ મેદાન, ડૉ.યાજ્ઞિક રોડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ચુકવવાનું બાકી ખર્ચ મંજુર થવા બાબત. | ૧,૭૫,૨૯૪/- | ૫૩૯ તા.૨૯/03/૨૦૨3 |
| ૧૫ | તા.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ પૂ.પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે આવાસોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ અન્વયે ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૨૩,૭૫૦/- | ૧૩૩ તા.૧૧/૦૮/૨૦૨૩ |
| ૧૬ | હોળી-ધુળેટી પર્વ-૨૦૨૩ ઉજવણી અન્વયે આયોજીત હિન્દી હાસ્ય કવિ સંમેલન કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૩,૪૪,૦૭૮/- | ૧૩૬ તા.૧૧/૦૮/૨૦૨૩ |
| ૧૭ | તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી નિમિતે જુદા જુદા સ્થળોએ યોગ કાર્યક્રમ તથા અન્ય કાર્યક્રમ અન્વયે ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૭૩,૬૫૪/- | ૧૩૭ તા.૧૧/૦૮/૨૦૨૩ |
| ૧૮ | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૭૨,૮૪૫/- | ૧૪૧ તા.૧૧/૦૮/૨૦૨૩ |
| ૧૯ | તા.૧૩/૦૫/૨૦૨૨ ના રોજ રા.મ.ન.પા.ના મીટીંગ હોલમાં અધિકારીઓ સાથે યોજાયેલ મીટીંગ અન્વયે ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧,૨૩,૧૨૦/- | ૧૬૧ તા.૧૧/૦૮/૨૦૨૩ |
| ૨૧ | રાજકોટ દર્શન પ્રોજેક્ટ અન્વયે ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત | ૨,૨૪,૨૦૦/- | ૨૮૪ તા.૦૪/૧૦/૨૦૨૩ |
| ૨૨ | મીટીંગ તથા પ્રચાર પ્રસાર અન્વયે ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૦,૨૨,૩૩૪/- | ૨૮૫ તા.૦૪/૧૦/૨૦૨૩ |
| ૨૩ | હર ઘર તિરંગા, તિરંગા યાત્રા, મારી માટી મારો દેશ તથા સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી નિમિતે કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૭૯,૮૭૧/- | ૩૩૯ તા.૦૪/૧૧/૨૦૨૩ |
| ૨૪ | તા.૦૪/૦૯/૨૦૨૩ના રોજ રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે હસ્તે ઇલેકટ્રીક બસોનું લોકાર્પણ કાર્યક્રમમાં ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૬૩,૪૬૮/- | ૩૪૬ તા.૦૪/૧૧/૨૦૨૩ |
| ૨૫ | અમૃત કળશ યાત્રા કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૫,૦૧,૩૦૦/- | ૩૫૭ તા.૧૦/૧૧/૨૦૨૩ |
| ૨૬ | અમૃત કળશ યાત્રા ભાગ-૨ કાર્યક્રમમાં થયેલ ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૨,૪૦,૦૦૦/- | ૩૬૪ તા.૧૦/૧૧/૨૦૨૩ |
| ૨૭ | તા.૦૨/૧૦/૨૦૨૩ના રોજ મહાત્મા ગાંધી મ્યુઝીયમ, જવાહર રોડ ખાતે ગાંધી ધૂન કાર્યક્રમમાં ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૩૦,૫૬૬/- | ૩૭૭ તા.૦૯/૧૨/૨૦૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન, (ઓપન એર થિએટર), રેસકોર્ષ, રાજકોટ ખાતે મેયર એવોર્ડ એનાયત કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૨,૩૦,૪૦૦/- | ૪૪૪ તા.૦૮/૦૧/૨૦૨૪ |
| ૨૯ | તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ સંગીત સંધ્યા કાર્યક્રમ અન્વયેનું ખર્ચ ચુકવવા બાબત. | ૯૧,૦૦૦/- | ૪૪૮ તા.૦૮/૦૧/૨૦૨૪ |
| ૩૦ | કોર્પોરેશન ડે ઉજવણી નિમિતે તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ સંગીત સંધ્યા કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૫,૬૦,૪૯૦/- | ૪૪૭ તા.૦૮/૦૧/૨૦૨૪ |
| ૩૧ | તા.૦૮/૧૧/૨૦૨૩ થી તા.૧૨/૧૧/૨૦૨૩ દરમ્યાન દિવાળી ઉત્સવ ૨૦૨૩ ઉજવણી અન્વયે લાઇટીંગ તથા રંગોળી સ્પર્ધા કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૬૯,૭૭,૧૩૩/- | ૪૪૬ તા.૦૮/૦૧/૨૦૨૪ |
| ૩૨ | તા.૧૦/૧૧/૨૦૨૩ નાં રોજ શ્રી માધવરાય સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડ રેસકોર્ષ ખાતે યોજાયેલ આતશબાજી કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૭,૯૨,૫૪૦/- | ૪૪૯ તા.૦૮/૦૧/૨૦૨૪ |
| ૩૩ | વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત “ધરતી કરે પોકાર” નાટ્ય કૃતિ અન્વયે થયેલ ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૬૭,૫૦૦/- | ૪૮૧ તા.૨૪/૦૧/૨૦૨૪ |
| ૩૪ | વિવિધ પ્રજાલક્ષી અને લોકકલ્યાણકારી યોજના કાર્યક્રમ અન્વયે ટી શર્ટ ખરીદી ખર્ચ બહાલ રાખવા બાબત. | ૭,૭૮,૦૫૦.૦૦/- | ૬૨૩ તા.૨૧/૦૨/૨૦૨૪ |
| ૩૫ | તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજ મેદાન, ડૉ.યાજ્ઞિક રોડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ચુકવવાનું બાકી ખર્ચ મંજુર થવા બાબત. | ૧,૦૦,૦૦૦/- | ૬૩૯ તા.૦૭/૦૩/૨૦૨૪ |
| ૩૬ | પ્રજાસત્તાક પર્વ ઉજવણી ૨૦૨૪ અન્વયે સંગીત સંધ્યા કાર્યક્રમ તથા ધ્વજ વંદન કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા તેમજ અન્ય કાર્યક્રમનું ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૯,૧૪,૮૯૯/- | ૬૪૦ તા.૦૭/૦૩/૨૦૨૪ |
| ૩૭ | વાઇબ્રન્ટ ગુજરાત અંતર્ગત સીટી બ્યુટીફીકેશન અંતર્ગત શહેરમાં ભીંત ચિત્રો દોરવા અંગેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૧,૦૦,૦૦૦/- | ૬૪૧ તા.૦૭/૦૩/૨૦૨૪ |
| ૩૮ | અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શહેરમાં રામાયણ પ્રસંગોના ભીંત ચિત્રો દોરવા અંગેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૫૩,૧૫૮/- | ૬૫૭ તા.૦૭/૦૩/૨૦૨૪ |
| ૩૯ | તા.૧૦/૦૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૬૦,૪૬,૫૦૦/- | ૬૮૩ તા.૦૭/૦૩/૨૦૨૪ |
| ૪૦ | તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી નિમિતે યોગ કાર્યક્રમ અન્વયે ખર્ચ મંજૂર કરવા બાબત. | ૫૩,૪૩૮/- | ૧૩૮ તા.૧૩/૦૮/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૪૧ | તા.૨૫/૦૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૭૫,૩૫,૭૦૦/- | ૧૯૨ તા.૧૦/૦૯/૨૦૨૪ |
| ૪૨ | તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ વિકસિત ભારત-વિકસિત ગુજરાત- નારી શક્તિ વંદના કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૨૬,૮૨,૫૮૭/- | ૧૯૩ તા.૧૧/૦૯/૨૦૨૪ |
| ૪૪ | તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ બોડી-બિલ્ડીંગ તથા આર્મરેસલીંગ સ્પર્ધા અન્વયેનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૬,૩૧,૦૦૦/- | ૨૪૩ તા.૦૫/૧૦/૨૦૨૪ |
| ૪૫ | તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ મેયર એવોર્ડ એનાયત કાર્યક્રમનું ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૬,૨૦૦/- | ૩૪૯ તા.૧૧/૧૨/૨૦૨૪ |
| ૪૬ | તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ યોજાયેલ કાર્યક્રમ અન્વયેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૧,૨૩,૦૦૦/- | ૪૫૬ તા.૩૦/૦૧/૨૦૨૫ |
| ૪૭ | તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન યોજાયેલ રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ ૨૦૨૪ ઉજવણી અન્વયે રંગોળી સ્પર્ધા કાર્યક્રમનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૨,૭૮,૪૪૦/- | ૪૫૭ તા.૩૦/૦૧/૨૦૨૫ |
| ૪૮ | જન્માષ્ટમી પર્વ ૨૦૨૪ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ અન્વયેનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૩,૧૮,૮૫૦/- | ૪૫૮ તા.૩૦/૦૧/૨૦૨૫ |
| ૪૯ | કોર્પોરેશન ડે ઉજવણી નિમિતે તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ સંગીત સંધ્યા કાર્યક્રમનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૩૮,૮૭,૦૦૦/- | ૪૫૯ તા.૩૦/૦૧/૨૦૨૫ |
| ૫૦ | તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત અન્વયેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૨,૯૦,૮૪૦/- | ૫૦૨ તા.૦૭/૦૩/૨૦૨૫ |
| ૫૧ | સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૪ ઉજવણી અંતર્ગત "તિરંગાયાત્રા" કાર્યક્રમ અન્વયેનું ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૯,૫૬,૧૪૭/- | ૧૯૧ તા.૧૧/૦૯/૨૦૨૪ |
| ૫૨ | તા.૨૩/૦૨/૨૦૨૫ ના રોજ સંગીત સંધ્યા કાર્યક્રમ અન્વયેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૧,૩૩,૦૦૦/- | ૫૩૬ તા.તા.૨૯/૦૩/૨૦૨૫ |
| ૫૩ | તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજ મેદાન, ડૉ.યાજ્ઞિક રોડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર થવા બાબત. | ૧,૧૧,૧૬૦/- | ૫૦૯ તા.૦૭/૦૩/૨૦૨૫ |
| ૫૪ | પ્રજાસત્તાક પર્વ ઉજવણી ૨૦૨૫ અન્વયે લોકડાયરો તથા જાગો હિન્દુસ્તાની કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા તેમજ અન્ય કાર્યક્રમનું ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૬,૩૭,૨૯૬/- | ૫૧૦ તા.૦૭/૦૩/૨૦૨૫ |
| ૫૫ | કેન્સર વોરિયર્સને સહાય પેટે રકમ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૧,૩૨,૦૦૦/- | ૪૩ તા.૩૦/૦૫/૨૦૨૫ |
| ૫૬ | હોળી-ધુળેટી પર્વ ઉજવણી ૨૦૨૫ અન્વયે હિન્દી હાસ્ય કવિ સંમેલન કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૪,૫૭,૫૫૧/- | ૪૪ તા.૩૦/૦૫/૨૦૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૫૭ | તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત અન્વયેનું ચુકવેલ ખર્ચ બહાલ રાખવા તથા ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૧૦,૨૨,૨૨૮/- | ૧૧૮ તા.૦૨/૦૭/૨૦૨૫ |
| ૫૮ | પ્રજાસત્તાક પર્વ ઉજવણી ૨૦૨૩ અન્વયે સંગીત સંધ્યા કાર્યક્રમ તથા ધ્વજ વંદન કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત | ૫૦,૭૮,૯૧૧/- | ૧૮૨ તા.૨૩/૦૭/૨૦૨૫ |
| ૫૯ | તા.૦૧/૦૫/૨૦૨૨ ના રોજ ગુજરાત સ્થાપના દિન ઉજવણી અન્વયે સંગીત સંધ્યા કાર્યક્રમ તથા અન્ય કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા અને ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર કરવા બાબત. | ૪૬,૮૮,૩૬૯/- | ૨૦૦ તા.૨૩/૦૭/૨૦૨૫ |
| ૬૦ | સ્વાતંત્ર્ય પર્વ - ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત "તિરંગા યાત્રા" કાર્યક્રમ અન્વયેનું ખર્ચ મંજુર કરવા બાબત. | ૫,૩૮,૮૫૦/- | ૩૨૦ તા.૧૫/૦૯/૨૦૨૫ |
| ૬૧ | તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ અંતર્ગત ચુકવવાનું બાકી ખર્ચ મંજૂર થવા બાબત. | ૪૧,૪૨૯/- | ૩૨૧ તા.૧૫/૦૯/૨૦૨૫ |
| ૬૨ | તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહાત્મા ગાંધી મંદિર, ગાંધીનગર વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં થયેલ ચુકવેલ ખર્ચ બહાલ રાખવા બાબત. | ૪,૮૯,૦૫૧/- | ૩૨૬ તા.૧૫/૦૯/૨૦૨૫ |
| | **કુલ રકમ** | ૬,૪૬,૦૭,૦૦૫/- | |

રા.મ.ન.પા./યોજના સેલ.જા.નં. ૨૮૨ તારીખ:૧૫/૦૧/૨૦૨૬

<u>વિષય: તા.૨૦/૦૧/૨૦૨૬ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ</u>

<u>સભ્યશ્રીનુંનામ</u> :- <u>શ્રી વશરામભાઇ સાગઠીયા (કોર્પોરેટરશ્રી, વોર્ડ નં. ૧૫)</u>

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં (જો હોય તો દર્શાવવો | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૬. | (૩) | તા.૧૨.૦૧.૨૦૨૬નાં રોજ રાજકોટમાં સ્વર્ણીમ ગ્રાંટ કેટલી છે.? ચાલુ વર્ષ દરમ્યાન કેટલી ગ્રાંટ આવી? ક્યા ક્યા ખર્ચ થયો ? અને ચુકવવાનાં કેટલા બાકી છે અને બજેટમાં દર્શાવ્યા મુજબની ગ્રાંટ મળી છે ? કે કેમ ? ન મળી હોય તો કારણો આપો ? ક્યારે મળશે. | • રાજ્ય સરકારશ્રીની સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને તા.૧૨.૦૧.૨૦૨૬ સુધીમાં કુલ ; ૩૭૦૫.૪૯ કરોડની ગ્રાંટ મળેલ છે.<br>• ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકો મહાનગરપાલિકાને SJMMSVY હેઠળ કુલ રૂ. ૪૫૮.૬૧. કરોડની ગ્રાં મળેલ છે.<br>• વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકો મહાનગરપાલિકાને SJMMSVY હેઠળ તા.૧૨.૦૧.૨૦૨૬ નં સ્થિતિએ કુલ રૂ.૪૫૮.૬૧ કરોડની ગ્રાંટ મળેલ છે. જે પૈકી કુલ પ૬ કામોમાં રૂ.૧૯૩.૪૫ કરોડનાં ચાલુ કામોનું કામની ભૌતિક પ્રગતિને ધ્યાન લઇ ચુકવણૂ કરેલ છે. બાકી રહેતી રકમ રૂ.૨૬૫.૧૬ કરોડનું ચુકવણ તબક્કાવાર કામની પ્રગતિને ધ્યાને લઇ કરવાનું થશે.<br>• વર્ષ: ૨૦૨૫-૨૬ બજેટમાં SJMMSVY માટે ૪૨૪.૨૮ કરોડનં ગ્રાંટનો અંદાજ મુકવામાં આવેલ હતો જેની સામે વર્ષ:- ૨૦૨૫-૨૬મ રાજ્ય સરકારશ્રી દ્વારા ૫૧૫.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે જે પૈકી રૂ. ૪૫૮.૬૧ કરોડ ફાળવવામાં આવેલ છે. બાકી રહેતી રકમ સરકારશ્રી દ્વારા તબક્કાવાર ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવવામાં આવશે.<br>*****************************************************<br>*** |

શાખા: જે.એન.એન.યુ.આર.એમ.

શાખાધિકારીની સહી:

શાખાધિકારીશ્રીનું નામ: પી.ડી.અઢિયા

હોદ્દો:- નોડલ ઓફીસર, AMRUT & SJMMSVY અને સીટી એન્જીનીયર